# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય:સર્વ જીવોનુ કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

## રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ

### ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનો રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮

કામધેનુ યુનિવર્સિટીમાં ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી અભ્યાસક્રમ માટે રૂબરૂ પ્રવેશ માટે નીચે જણાવેલ તારીખ અને સમય અને સ્થળ પર મેરીટ પ્રમાણે બોલાવેલ ઉમેદવારોએ કાઉન્સેલીંગ માટે તમામ અસલ પ્રમાણપત્રો, પ્રમાણિત નકલો, પ્રવેશ માટે ચકાસણી કરાવેલ ઓનલાઈન અરજી ફોર્મની નકલ સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| અભ્યાસક્રમ : ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી | તારીખ:૨૫/૦૭/૨૦૧૭,મંગળવાર |
|---|---|
| **સમય** | **મેરીટ ક્રમાંક** |
| સવારે ૦૯ : ૩૦ કલાક થી ૧૦ :૦૦ કલાક સુધી | અન્ય બોર્ડ મેરીટ ક્રમાંક ૦૧ થી ૦૭ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો અને ડીફેન્સ પર્સન મેરીટ ક્રમાંક ૦૧ થી ૦૩ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો |
| સવારે ૧૦: ૦૦ કલાક થી બપોરના ૧:૩૦ કલાક સુધી | જનરલ મેરીટ ક્રમાંક ૦૧ થી ૫૦૧ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો |
| બપોરે ૨:૦૦ કલાક થી ૦૪:૦૦ કલાક સુધી | અનુસૂચિત જાતિ (SC) કેટેગરીના ૦૧ થી ૫૨ મેરીટ નંબરમાં આવતા ઉમેદવારો |
| | અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના ૦૧ થી ૭૦ મેરીટ નંબરમાં આવતા ઉમેદવારો |
| બપોરે ૦૪:૦૦ કલાક થી ૫:૩૦ કલાક સુધી | સા.શૈ.પ.વ.(SEBC) કેટેગરીના ૦૧ થી ૧૯૧ મેરીટ નંબરમાં આવતા ઉમેદવારો |
| પ્રવેશ કાર્યક્રમનું (કાઉન્સેલીંગ) સ્થળ | કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, કલેકટર કચેરી સામે, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, સીવીલ હોસ્પીટલની બાજુમાં, સેકટર-૧૨, ગાંધીનગર |
| નોંધ :- ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ કાર્યક્રમમાં કેટેગરી મુજબ પ્રવેશના સમય કરતા ૧ કલાક વહેલા રીપોર્ટીંગ કરાવવાનું રહેશે. | |

૧) ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ વેબસાઈટ www.ku-guj.org પર મુકવામા આવશે છેલ્લી અપડેટ માહિતી માટે વેબસાઈટ જોતા રહેવુ.

૨) પ્રસિધ્ધ કરવામાં આવેલ કામચલાઉ મેરીટ લિસ્ટ અંગેની જરૂરી સુચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

૩) જે ઉમેદવારે ઓનલાઈન અરજી ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવારો એ જ આ પ્રવેશ કાર્યક્રમમાં હાજર રહેવાનું રહેશે.

૪) ઉમેદવારોને ઉપલબ્ધ બેઠકો મુજબ જ મેરીટના ધોરણે પ્રવેશ આપી શકાશે.

૫) રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાત્રી પ્રવેશ સમિતિ આપતી નથી.

૬) ઉમેદવારે અંગભુત પોલીટેકનીકમાં પ્રવેશ મળ્યેથી તુંરત જ ભાઈઓ માટેની ફી રૂપિયા ૧૦૧૦/-(અંકે રૂપિયા હજાર દશ પુરા) અને બહેનો માટેની ફી રૂપિયા ૭૬૦/- (અંકે રૂપિયા સાતસો સાઈઠ પુરા) પ્રવેશ સ્થળ પર જ રોકડેથી ભરવાની રહેશે.

૭) ઉમેદવારે સંલગ્ન પોલીટેકનીકમાં પ્રવેશ મળ્યેથી તુંરત પ્રવેશ સત્રની કુલ ફી રૂા.૧૭૬૨૫/-(અંકે રૂપિયા સત્તર હજાર છસો પચ્ચીસ પુરા) માંથી ટોકન ફી પેટે રૂપિયા ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) કાઉન્સિલીંગ સ્થળ પર જ ભરવાની રહેશે. બાકી રહેતી ફી જે તે પોલીટેકનીક ખાતે હાજર થવા સમયે ભરવાની રહેશે.

૮) રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ માટે ઉમેદવારોએ સ્વખર્ચે આવવાનું રહેશે.

૯) જો ઉમેદવાર રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન ગેરહાજર રહેશે તેવા ઉમેદવારોનો પછીથી પ્રવેશ પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે નહી અને તે અંગે ઉમેદવાર કોઈ પ્રકારનો હકક દાવો કરી શકશે નહી.

૧૦) કામધેનુ યુનિવર્સિટીની ઓપન બેઠકોની પ્રવેશ કાર્યવાહી બાદ સંલગ્ન પોલીટેકનીકોની મેનેજમેન્ટ કવોટાની બેઠકો યુનિવર્સિટીના મેરીટ લિસ્ટમાંથી સંબંધીત પોલીટેકનીક ધ્વારા ભરવામાં આવશે, જે માટે સંલગ્ન પોલીટેકનીકોનો સંપર્ક કરવાનો રહેશે.

ગાંધીનગર
તા.૨૨/૦૭/૨૦૧૭

કુલસચિવ
કામધેનુ યુનિવર્સિટી